

શિહોરી-દિયોદર રોડ ઉપર ગતરાત્રીના સમયે એક જીપ અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાતા ચિચીયારીઓ ભર્યું વાતાવરણ સર્જાયું હતું. જીપમાં બાળકો સહિત લોકો બેસેલા હતા. જેમાં જીપચાલક ઠાકોર અભુજી પોપટજી રહે. મોઝરું, તા. દિયોદર ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યા હોવાનું અને અન્ય બેઠેલ વ્યક્તિઓમાં ત્રણ લોકોને વધારે ઓછી ઈજાઓ થતાં ૧૦૮ દ્વારા સારવાર માટે ખસેડાયા હતા. (તસવીર : હેમુભા વાઘેલા)

## હિંમતનગરમાં વાલ્મિકી સમાજનો 'જીવનસાથી' પસંદગી મેળો

હિંમતનગર, તા. ૨૬

સમગ્ર ગુજરાત વાલ્મિકી સમાજના અપરિણિત, વિધવા, વિધુર અને ત્યકતાઓનો સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ પરિચય મેળો ૨૭મી જાન્યુઆરી રવિવારે સહકાર હૉલ, મહાવીર નગર, હિંમતનગર ખાતે રાખેલ છે. સંપર્ક સાધવા મો. ૯૪૨૬૦૯૦૭૧૮ કરવો. ૧૫મી જાન્યુઆરી સુધી મળી જાય તે રીતે મોકલવો. સાબરકાંઠા વાલ્મિકી સમાજના પ્રમુખ આર.કે. ચૌહાણે જણાવેલ છે.

## ખાટા આંબાની યુવતી ગુમ

માણસા, તા. ૨૬

જીતેન્દ્રભાઈ મફલલાલ પ્રજાપતિની દીકરી નિકીતાબેન જે. પ્રજાપતિ (ઉ.વ.૧૮) રહે, ખાટા આંબા, તા. માણસા, તા.૧૨મી ડિસેમ્બરે બપોરે ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહેલ છે. ગુમ થનાર યુવતી શરીરે પાતળા બાંધાની, મોઢું ગોળ, ઊંચાઈ ૪ ફૂટ, છે. ગુજરાતી, હિન્દી ભાષાની જાણકાર છે. આસમાની કલરનો ડ્રેસ પહેરેલ છે. તેમ માણસા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર રબારીએ જણાવેલ છે.

# ભોલેશ્વરમાં ચાલતો દારૂનો અડ્ડો બંધ કરાવવા મહિલાઓ મેદાનમાં

### વિધવા મહિલા દારૂનો અડ્ડો અને અસામાજિક પ્રવૃત્તિઓ ચલાવે છે : વિભાગીય પોલિસ વડાને આવેદનપત્ર અપાયું

હિંમતનગર, તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર હાથમતી નદી કિનારે આવેલા ભોલેશ્વર ગામે એક ૩૦ વર્ષીય વિધવા દ્વારા દેશી દારૂનો અડ્ડો તેમજ અસામાજીક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવતી હોવાને લઈ આ વિસ્તારના રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. દારૂની બદીને ડામવા માટે આ વિસ્તારની મહિલાઓ મેદાનમાં પડીને બુધવારે મહિલાઓ બાળકો સાથે રેલી સ્વરૂપે ડી.એસ.પી. કચેરી જઈ વિભાગીય પોલીસ વડા સમક્ષ ઉગ્ર રજુઆત કરી આવેદનપત્ર આપ્યું હતું.

જિલ્લાનું વડુ મથક હિંમતનગર દેશી-વિદેશી દારુનું મુખ્ય એ.પી. સેન્ટર છે. રાજસ્થાનથી રોજનો કરોડો રૂપિયાનો વિદેશી દારૂ જિલ્લાના જુદા જુદા માર્ગો ઉપરથી હિંમતનગર થઈ ગુજરાતના જુદા જુદા મથકો ઉપર ઠલવાય છે. દેશી દારુની ભઠ્ઠીઓ પણ ગામે ગામ ધમધોકાર ચાલે છે આ બધું જગ જાહેર હોવા છતાં દારુના દુષણને ડામવા માટે પોલિસ તંત્ર દ્વારા કોઈ જ પગલાં લેવામાં આવતા નથી.

દેશી-વિદેશી દારુનું દુષણ યુવાધનને બરબાદ કરી રહ્યું છે. કેટલાય પરિવારો બરબાદીના પંથે ધકેલાઈ રહ્યા છે ખાસ કરીને મહિલાઓને વધુ સહન કરવાનું આવે છે ત્યારે મહિલાઓ સજાગ બની દારૂની બદીને ડામવા બહાર આવી રહી છે. હિંમતનગરને અડીને આવેલા ભોલેશ્વરમાં દારુની બદીએ માઝા મુકી છે. ઠેર ઠેર દારૂના અડ્ડા પોલીસની રહેમ નજર હેઠળ ચાલી રહ્યા છે. ભોલેશ્વરના ભીલવાસમાં ૩૦ વર્ષીય વિધવા શશીબેન રમણભાઈ ભીલ દ્વારા દારુનો અડ્ડો અને અસામાજિક પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. જેના કારણે આ વિસ્તારના રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. આ ત્રાસમાંથી મુકિત અપાવવા માટે આ વિસ્તારની મહિલાઓ પોતાના બાળકો સાથે રેલી સ્વરૂપે ડી.એસ.પી. કચેરી જઈ વિભાગીય પોલીસ વડાને આવેદન પત્ર આપી દારૂનો અડ્ડો બંધ કરાવવા ઉગ્ર માંગ કરી હતી.

### કાંકરિયા કાર્નિવલમાં દાન માટે મુકાયેલી

# વિશાળ કદની ચેરીટી બેગને લીમ્કા બુકમાં સ્થાન મળ્યું


### દાનમાં મળનારા વસ્ત્રો, રમકડા, પુસ્તકો વગેરે ગરીબોને અપાશે : મેયર અસીત વોરાએ કરેલી વિધિવત જાહેરાત

અમદાવાદ, તા. ૨૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવેલા કાંકરીયા કાર્નિવલમાં મુકવામાં આવેલી ચેરીટી બેગને તેના વિશાળ કદ માટે લીમ્કા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન મળ્યું છે. મેયર અસીત વોરાએ આજે જણાવ્યું હતું કે, લોકો રોકડ રકમ, વસ્ત્રો, રમકડા, પુસ્તકો વગેરે દાન કરી શકે એ માટે આ ચેરીટી બેગ બનાવવામાં આવી છે.

આ બેગ જ્યુટમાંથી બનાવવામાં આવી છે. અને તેની સાઇઝ ૩૭ ટ ૩૦ ફૂટ છે. અને ૩૮૦ ચોરસ વાર કંતાનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૪૫૦૦ કિલોગ્રામ સ્ટીલનો ઉપયોગ પણ આ ચેરીટી બેગ બનાવવામાં કરવામાં આવ્યો છે. પ્રથમ દિવસે ૮૦૦૦ કરતાં વધુ લોકોએ આ બેગની મુલાકાત લીધી હતી. અને ૧૦૦ લોકોએ દાન કર્યું હતું. આ બેગ બનાવવા પાછળ રૂા. ૫.૫૦ લાખનો ખર્ચ થયો છે. આટલી મોટી ચેરીટી બેગ બનાવવામાં આવી હોવાથી તે ભારતમાં બનેલી સૌથી મોટી બેગ છે. અને તેથી તેને લીમ્કા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન મળ્યું છે. આ બેગમાં દાનમાં મળનારી રકમ, ચીજવસ્તુઓ ગરીબોને આપવામાં આવશે. તેમણે લોકોને વધુમાં વધુ દાન આપવા માટે અપીલ કરી છે. આ બેગને તા. ૩૧ ડીસેમ્બર પછી ખોલવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર જી. મહાપાત્રએ જણાવ્યું હતું કે, કાંકરિયા કાર્નિવલના બીજા દિવસે આજે વિસરાતી જતી રમતોનું નિદર્શન, રોક બેન્ડ, સાંસ્કૃતિક કાર્યક્રમો, ભવ્ય આતશબાજી, શહેરીજનો દ્વારા બોન્સાઇ ટ્રી અને ડેકોરેટીવ ફ્લાવર્સ એક્ઝીબીશન, સ્લમ વિસ્તારના મ્યુનિ. શાળાના બાળકો અને પ્રજ્ઞાચક્ષુ બાળકોએ ટ્રેનની સવારી માણી હતી. આજે મોટી સંખ્યામાં બાળકો સહિત નાગરીકો કાંકરીયા કાર્નિવલમાં ઉમટી પડ્યા હતા.



(તસવીર : હેમુભા વાઘેલા)

કાંકરેજ તાલુકાના કોટડા બ્રુકોલી પ્રા. શાળા ખાતે સી.આર.સી. ઉંબરી અને સી.આર.સી. બુડોલીની તમામ શાળાઓનો બાળ રમતોત્સવ રાખવામાં આવ્યો હતો. જેમાં સી.આર.સી. માનસુંગજી બી. ભીલડીયા અને આચાર્ય અમૃતભાઈ દેસાઈ દ્વારા રમતોસ્વને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય શ્રીમતી ઈચ્છાબેન દેસાઈની પ્રશંસનીય કામગીરી રહી હતી અને દરેક પ્રાથમિક શાળાના બાળકોએ ભારે ઉત્સાહપૂર્વક રમતોમાં ભાગ લીધો હતો.

# ગેરકાયદે બાંધકામકર્તાઓને અધિકારીઓ દ્વારા સુરક્ષા કવચ

### ગેરકાયદે બાંધકામને ઈમ્પેક્ટ ફી ભરી કાયદેસર કરવાની યોજનાને મળેલી નિષ્ફળતાનો વિવાદ હજુ શાંત થયો નથી

અમદાવાદ, તા. ૨૬

રાજ્યમાં અસંખ્ય થયેલા ગેરકાયદે બાંધકામને ઈમ્પેક્ટ ફી ભરી કાયદેસર કરવાની યોજનાને મળેલી નિષ્ફળતાનો વિવાદ શમ્યો નથી. ત્યા ૨૮ માર્ચ ૨૦૧૧ પછી થયેલા ગેરકાયદેસર બાંધકામોને તોડી પાડવાની કાર્યવાહીમાં ઉત્તરઝોનના અધિકારીઓ જાણી જોઈ વિલંબ કરી રહ્યા છે. આ ઉપરાંત ગેરકાયદે બાંધકામ કરતા સ્થાનિક લોકો અને બિલ્ડરોને સુરક્ષા આપવાનું કામ કરી રહ્યા છે. રાજ્ય સરકારના નિયમ મુજબ ૨૮ માર્ચ ૨૦૧૧ પછી થયેલા ગેરકાયદેસર બાંધકામોને ઈમ્પેક્ટ ફીનો લાભ મળવાનો નથી. તેથી તેવા લોકોના ગેરકાયદેસર બાંધકામો નિયમ મુજબ તોડવા જ પડે પરંતુ અહીંયા તો રામ રાજ્ય અને પ્રજા સુખી જેવી સ્થિતિ છે. ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગના અધિકારીઓએ ૩૫૭ ગેરકાયદેસર બાંધકામો સામે ૪૭ જેટલા ગેરકાયદે બાંધકામોને તોડી સંતોષ માની રહ્યા છે. ઉત્તરઝોનના એસ્ટેટ વિભાગના અધિકારીઓની મિલી ભગતથી વગ ધરાવતા લોકો શહેરમાં ખુલ્લેઆમ ગેરકાયદે બાંધકામો કરી રહ્યા છે. સૂત્રોની જાણકારી અનુસાર અધિકારીઓ ફક્ત ગરીબ અને નિઃસહાય લોકોના જ ગેરકાયદે બાંધકામો તોડે છે. પણ વગ ધરાવતા લોકોનો વાળ પણ વાંકો થવા દેતા નથી.

| વિસ્તાર | ગે.કા.બા. | તોડી પાડવામાં આવેલ ગે.કા.બા. |
|---|---|---|
| સરદારનગર | ૧૦ | ૩ |
| નરોડા | ૨૮ | ૮ |
| કૃષ્ણનગર | ૭ | ૨ |
| કુબેરનગર | ૩૫ | ૮ |
| સૈજપુર | ૨૬ | ૬ |
| સરસપુર | ૬ | ૧ |
| મેઘાણીનગર | ૩ | ૧ |
| બાપુનગર | ૧૧ | ૪ |
| ઠક્કરનગર | ૯ | ૪ |

એક આરટીઆઈ કાર્યકર્તાએ ૨૮ માર્ચ ૨૦૧૧ પછી અમ્યુકોના ઉત્તર ઝોનમાં ગેરકાયદેસર થયેલા બાંધકામોની અને ૨૯ માર્ચ ૨૦૧૧ પછી ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગે જે તે ગેરકાયદેસર થયેલા બાંધકામો સામે શું કાર્યવાહી કરી તેવી વિગતો માંગતી અરજી કરી હતી તેમાં ગેરકાયદે બાંધકામો અંગે એસ્ટેટ વિભાગની ગોકળગાયની ગતિએ ચાલતી કામગીરીની સ્ફોટક વિગતો બહાર આવી છે. ઉત્તર ઝોનમાં મુખ્યત્વે સરદારનગર, નરોડા, કૃષ્ણનગર, કુબેરનગર, સૈજપુર, સરસપુર, હાંસોલ, મેઘાણીનગર, બાપુનગર, ઠક્કરનગર, લક્ષ્મીનગર જેવા ઘણા વિસ્તારોમાં ઘણા ગેરકાયદેસર બાંધકામો થયેલા છે. તો બીજી તરફ જેટલા ગેરકાયદેસર બાંધકામો થયેલા છે તેની સામે અધિકારીઓ દ્વારા નહીવત કાર્યવાહી થયેલી છે.

# જૂની વાસણી ગામે મકાનમાં બાકોરૂં પાડી ૪૧ હજારની ચોરી

હિંમતનગર, તા. ૨૬

બાયડ તાલુકાના જૂની વાસણી ગામે કેટલાક ચોર ઈસમોએ મોડી રાત્રે અંધારાનો લાભ લઈ એક મકાનની પાછળની દિવાલમાં બાકોરૂં પાડી અંદર પ્રવેશ કરી અંદાજે ૪૧૮૦૦નો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જે અંગે આંબલીયારા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકામાં સ્થિત જૂની વાસણી ગામે ગત મોડી રાત્રે અંધારાનો લાભ લઈ કેટલાક ચોર ઈસમોએ ગામના જ એક વ્યક્તિ લલ્લુભાઈ રાજાભાઈ યાદવના મકાનની પાછળની દિવાલમાં બાકોરૂં પાડી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદર પડેલી પતરાની પેટીમાં મૂકેલ રૂા. ૪૦ હજાર રોકડ, રૂા. ૧૩૦૦ની કિંમતના બે મોબાઈલ અને ૫૦૦ રૂા.ની ત્રણ સાડી મળી કુલ ૪૧૮૦૦ની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સવારે ચોરી અંગે મકાન માલિકને જાણ થતાં તેમણે તાત્કાલિક બાયડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના દુગ્રાસણના ગામ લોકો દ્વારા દારૂને દેશવટો આપવામાં આવ્યો હતો. દુગ્રાસણ ગામ સ્વાધ્યાય પરીવારના સેવકો ગામના સરપંચશ્રી વિક્રમજી ઠાકોર, લક્ષ્મણસિંહ વાઘેલા, માજી તાલુકા ડેલીગેટ, ઉમાજી ઠાકોર, બચુજી ઠાકોર, રામભા મદારસિંગ વાઘેલા, પ્રફુલકુમાર શાહ ડે. સરપંચ, વજેસિંગ પ્રભાતસિંગ દૂધ મંડળીના ચેરમેન, ભૂદરજી સરદારજી ઠાકોર, રાઘુજી વિહાજી ઠાકોર, નાથાજી મનજીજી ઠાકોર, ચેલાજી શંકરજી બલોધણા, વનાજી ખુમાજી રોળીયા તથા દુગ્રાસણ સમસ્ત તમામ કોમોના લોકોએ આજે બનાસકાંઠા જિલ્લાના ઈન્ચાર્જ પોલીસ વડા શ્રી આર. ડી. બરંડા તેમજ બનાસકાંઠા જિલ્લા ભાજપ બક્ષી મોરચાના મહામંત્રી શ્રી ભારતસિંહ ભટેસરીયાની આગેવાનીથી દારૂબંધી કરાતા આંજે દુગ્રાસણ ગામ તેમજ પધારેલ બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા ઈન્ચાર્જ તેમજ ગામ લોકોએ આગેવાનોનો આભાર માન્યો હતો.

# પ્રાંતિજમાં બ્રહ્મ સમાજનું સ્નેહ સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૨૬

પ્રાંતિજ શહેર ખાતે બ્રહ્મ સમાજનું સ્નેહ મિલન સમારોહ તાજેતરમાં યોજાયો હતો. જેમાં બ્રહ્મ સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રાંતિજ શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ બ્રહ્મ સમાજનો સ્નેહ મિલન કાર્યક્રમ તા.૨૩મીને રવિવારના રોજ મહાલક્ષ્મી વાડીમાં યોજાઈ ગયો. સમારોહમાં સમાજના અગ્રણી મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમાજની ચર્ચાઓ, વાર્ષિક હિસાબ-કિતાબ તેમજ નવા એજન્ડાની ચર્ચા કરવામાં આવી હતી. ધો-૧ થી કોલેજ સુધીના તેજસ્વી તારલાઓને ઈનામ આપી પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ ભણી ગણીને મા-બાપ તેમજ સમાજનું ગૌરવ વધારે તેવા આર્શીવાદ વડીલોએ વિદ્યાર્થીઓને આપ્યા હતા. સમારોહના અંતે નવી કારોબારી અને પ્રમુખની વરણી કરવામાં આવી હતી.

## ગૂમ થયા છે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮ના કલ્પતરૂ કંપની ખાતેથી ડાઉસિંહ મકનસિંહ ચૌહાણ તા. ૧૭મી ડિસેમ્બરે સવારે ૧૦.૩૦ કલાકે કોઈને કહ્યા વગર જતા રહ્યા છે. જેમની ઉંમર ૨૪ વર્ષની છે. તેઓ શરીરે સાધારણ શ્યામ વર્ણ ધરાવે છે અને મધ્યમ બાંધાના છે. તેમની ઊંચાઈ આશરે સાડા પાંચ ફૂટ છે. તેમણે પેન્ટ અને શર્ટ પહેરેલા છે અને તેઓને જમણા ગાલ પર વાગેલાનું નિશાન છે. હિન્દી, ગુજરાતી અને મારવાડી ભાષા જાણે છે. જે પણ વ્યક્તિને આ વ્યક્તિની જાણ થાય તેમણે સત્વરે પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો એમ એએસઆઈ પ્રવીણસિંહ રજુજીએ જણાવ્યું છે.

## ગૂમ થયા છે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના શિહોલી મોટી ખાતે ખાંટ વાસમાં નિવાસ કરતા મંગાજી પૂંજાજી ઠાકોરે તેમની ભત્રીજી સોનલબેન ગાંડાજી ઠાકોર ગુમ થયાની ફરિયાદ ચિલોડા પોલીસ સ્ટેશને કરી છે. ગાંડાજી ખોડાજી ઠાકોરની પુત્રી સોનલબેન ૧૬ વર્ષની છે. આશરે એક માસ અગાઉ રાત્રિના ૧૧ કલાકે શિહોલી મોટી, ખાંટ વાસ ખાતેના પોતાના ઘરેથી કોઇને પણ કહ્યા વગર નીકળી છે. જે હજુ સુધી પરત ફરી નથી. ગુમ થનાર સોનલબેન શરીરે પાતળા બાંધાના છે. રંગે ઘઉં વર્ણા અને લંબગોળ મોઢું ધરાવે છે. જેમની ઊંચાઈ ૪.૫ ઇચ છે અને ગુજરાતી ભાષા જાણે છે. તેણીનીએ છીંકણી કલરનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. જેમને આ વ્યક્તિ વિશે જાણ થાય તેઓએ નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સકલુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮